સંભવિત વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા સંપૂર્ણ તકેદારીપૂર્વક તૈયારીઓ

ગાંધીનગર ખાતે મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને પ્રિમોન્સૂન તૈયારી અંગે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યમાં આગામી ચોમાસાની ઋતુમાં સંભવિત વરસાદની સ્થિતિને પહોંચી વળવા વહીવટીતંત્ર સંપૂર્ણ સજ્જ છે. રાજ્યમાં સંભવિત તમામ પરિસ્થિતિઓને પહોચી વળવા સંપૂર્ણ તકેદારીપૂર્વક તૈયારીઓ કરવા વહીવટીતંત્રને મુખ્ય સચિવ પંકજ કુમારે અનુરોધ કર્યો હતો.

આજે ગાંધીનગર ખાતે યોજાયેલી પ્રિમોન્સૂનની તૈયારી અંગે સમીક્ષા બેઠકમાં મુખ્ય સચિવ પંકજ કુમારે જણાવ્યું હતું કે આગામી ચોમાસાની ઋતુમાં સંભવિત વરસાદ, પૂર અને વાવાઝોડા સામે રાહત અને બચાવની કામગીરીમાં વહીવટીતંત્રે સાવચેતીપૂર્વક સઘન આયોજન કરવુ પડશે. બેઠકમાં ઉપસ્થિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓએ સંભવિત વરસાદની સ્થિતિને પહોંચી વળવા અંગેનો એક્શન પ્લાન રજૂ કર્યા હતા. જેમાં મુખ્ય સચિવે જરૂરી તલસ્પર્શી સૂચનો કર્યા હતા. તેમણે ઉમેર્યું કે ભૂતકાળના અનુભવના આધારે આપત્તિ સમયે જે કંઈ પણ તકલીફ પડી હોય તેના નિરાકરણ માટે પૂરતી કાળજી રાખવી, જિલ્લા ડિઝાસ્ટર પ્લાન વાસ્તવિકતા અને તથ્યોના આધારિત સચોટ બનાવવા સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત પૂર ઉપરાંત અન્ય વિકટ પરિસ્થિતિમાં રિસ્પોન્સ ટાઈમ ઘટે અને લોકોને ત્વરિત મદદ થાય તે અંગે વ્યૂહાત્મક યોજના બનાવવા પણ સૂચના આપી હતી.

મુખ્ય સચિવે ઉમેર્યું કે રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે વરસાદ સહિત અન્ય કામગીરીના ડેટા કલેકશન અંગેના રિપોર્ટનું ખાસ ફોર્મેટ બનાવવું જેથી તમામ વિભાગોના ડેટા એકસમાન ફોર્મેટમાં આવે અને ડેટા કલેકશનમાં સુસંગતતા જળવાઈ રહે તેમ તેમણે ઉમેર્યું હતું.

ભારતીય હવામાન વિભાગ દ્વારા જણાવ્યાનુસાર આ વર્ષે દેશભરમાં ચોમાસુ સામાન્ય રહેવાની આગાહી કરવામાં આવી છે. કેરળમાં જયારે વરસાદ પડશે તે પછીના ૪૮ કલાકમાં ગુજરાતમાં વરસાદની સંભાવના અંગેની આગાહી કરવામાં આવશે આ માટે હવામાન વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

આ પ્રિમોન્સૂન બેઠકમાં ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજકુમાર, કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ પુરી સહિત વિવિધ વિભાગો જેવા કે શહેરી વિકાસ, આરોગ્ય, સિંચાઈ, કૃષિ, માર્ગ અને મકાન, ગૃહ, પાણી પુરવઠો, અન્ન અને નાગરિક પુરવઠા, વન, બંદરો અને વાહન વ્યવહાર, પંચાયત, ઊર્જા, શ્રમ, ઉદ્યોગ, સાયન્સ એન્ડ ટેકનોલોજી, પશુપાલન, શહેરી વિકાસ તેમજ માહિતી ખાતાના ઉચ્ચ સનદી અધિકારીઓએ ઉપસ્થિત રહીને આ અંગે પોતાના દ્વારા કરેલી તૈયારીઓ રજૂ કરી હતી.

મોદી અમદાવાદમાં IPLની મેચ જોવા જાય તેવી શક્યતા

સ્ટેડિયમમાં બહાર લોખંડી સુરક્ષા ગોઠવાઈ : પીએમ મોદી ૨૮ મેના રોજ એક દિવસના ગુજરાત પ્રવાસે છે, તેઓ સવારે ૯.૩૦ વાગ્યે રાજકોટ પહોંચશે

ગાંધીનગર,તા.૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ બંને ગુજરાતના પ્રવાસે આવનાર છે. પીએમ મોદી રાજકોટના આટકોટમાં બની રહેલી હોસ્પિટલના લોકર્પણની સાથે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાનારી આઈપીએલની ફાઈનલમાં પણ હાજરી આપે તેવી શક્યતા છે. વડાપ્રધાન મોદી પણ મેચ જોવા સ્ટેડિયમમાં જાય એવી શક્યતા હોવાથીઁ ન્ની મેચો માટે પાર્કિંગથી માંડીને ટ્રાફિક વ્યવસ્થા માટે ખાસ તૈયારી કરાઈ છે.

પીએમ મોદી ૨૮ મેના રોજ એક દિવસના ગુજરાત પ્રવાસે છે. તેઓ સવારે ૯.૩૦ વાગ્યે રાજકોટ પહોંચશે. જેમાં આટકોટમાં નવી બનેલી હોસ્પિટલનું લોકાર્પણ અને જંગી જનસભાને સંબોધન કરશે. સૌરાષ્ટ્રમાં પીએમનો આ બીજો કાર્યક્રમ થશે. આ ઉપરાંત ગાંધીનગરમાં પહેલીવાર ગુજરાતમાં સહકારી સંમેલનમાં પીએમ સંબોધન કરશે. જેમાં સહકારી ક્ષેત્રના તમામ આગેવાનોને હાજર રહેશે. જોકે, આ વચ્ચે તેઓ આઈપીએલની મેચમાં હાજરી આપે તેવી શક્યતા છે. પીએમ મોદી ગુજરાતના પ્રવાસે છે તે જ સમય દરમિયાન અમદાવાદમાઁ ન્ની બે મેચ યોજાનાર છે. શુક્રવારે ક્વોલિફાયર-૨ અને રવિવારે ફાઈનલ રમાશે. ત્યારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પ્રધાનમંત્રીની સંભવત હાજરીની શક્યતા છે. જેને પગલે રાજ્ય પોલીસ વિભાગ એલર્ટ પર આવી ગઈ છે. જિલ્લાના તમામ પોલીસ કર્મીઓની રજાઓ કેન્સલ કરવામાં આવી છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવાઈ છે. ૪૭ એસ.પી, ૮૪ ડીવાયએસપી, ૦૩ કયું.આર.ટી , ૨૮ એસ.આર.પી.એફ, ૨૮ બૉમ્બ સ્ક્વોડ, ૨૨૨ ઈન્સ્પેકટર, ૬૮૬ પીએસઆઈ, ૩,૩૪૬ કોન્સ્ટેબલ, ૮૨૪ મહિલા પોલીસની ટીમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બંદોબસ્તમાં રહેશે. નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતેઁ ન્ મેચ રમવા ટીમનું અમદાવાદમાં આગમન થઈ ગયુ છે. ગુજરાત ટાઈટન્સની ટીમના પ્લેયર અમદાવાદમાં આવી પહોંચ્યા છે. ત્યારે અનેક બોલિવૂડ સ્ટાર અને રાજકીય આગેવાનો પણ ફાઈનલ મેચ અમદાવાદમાં નિહાળશે તેવી શક્યતા છે. ગુજરાત ટાઈટન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા પત્ની અને પુત્ર સાથે અમદાવાદ પહોંચ્યા હતા.

પ્રિ મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ હોઈ માછીમારોને ચેતવણી

હવામાન પલટા પર હવામાન વિભાગનું નિવેદન : જોકે હાલ વરસાદની કોઈ શક્યતા નથી વર્તાઈ રહી, આગામી ૨-૩ દિવસ તાપમાનમાં ફેરફાર નહીં જોવા મળે

ગાંધીનગર, તા.૨૬

રાજ્યના વાતાવરણમાં આવેલા પલટા અંગે હવામાન વિભાગે સત્તાવાર નિવેદન બહાર પાડ્યું છે. હવામાન વિભાગના કહેવા પ્રમાણે રાજસ્થાન ઉપર લો પ્રેશર સર્જાયું હોવાના કારણે વાદળછાયું વાતાવરણ જણાઈ રહ્યું છે. જોકે હાલ વરસાદની કોઈ શક્યતા નથી વર્તાઈ રહી. આગામી ૨-૩ દિવસ સુધી તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં જોવા મળે.

હાલ વરસાદ આવે એવી કોઈ સિસ્ટમ નથી જણાઈ રહી. વાતાવરણમાં ભેજ વર્તાઈ રહ્યો છે પરંતુ તે વરસાદ લાવી શકવા માટે સક્ષમ નથી. જોકે રાજ્યમાં પ્રિ મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ ગઈ હોવાના કારણે ભારે પવનોને ધ્યાનમાં રાખીને ફિશરમેન વોર્નિંગ જાહેર કરવામાં આવી છે.

નોર્થ અરેબિયન સમુદ્રમાં ૫૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાના કારણે ફિશરમેન વોર્નિંગ જાહેર કરવામાં આવી છે. આગામી ૨૭, ૨૮ અને ૨૯મી તારીખ માટે ફિશરમેન વોર્નિંગ આપવામાં આવી છે. સાથે જ રાજ્યના અમુક વિસ્તારોમાં વરસાદ વરસે તેવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. ગત રોજ ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જે આજે યથાવત રહેશે અથવા તો ૪૨ ડિગ્રી તાપમાન નોંધાઈ શકે છે.

મુન્દ્રા પોર્ટ પર કન્ટેઈનરમાંથી ૫૦ કિગ્રાથી વધુ ડ્રગ્સ ઝડપાયું

મુન્દ્રા, તા.૨૬

કચ્છના મુન્દ્રા પોર્ટ ખાતે એક ઈમ્પોર્ટ કરવામાં આવેલા કન્ટેનરમાંથી ૫૦ કિગ્રા કરતાં પણ વધારે વજનનું સિન્થેટિક ડ્રગ્સ ઝડપાયું છે.

મુન્દ્રા પોર્ટ ખાતે ડિરેક્ટરોટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સે એક કન્ટેનર અટકાવીને તેની તપાસ હાથ ધરી હતી.

કન્ટેનરમાં મીઠું હોવાનું ડિક્લેરેશન ધરાવતા આ કન્સાઈનમેન્ટમાંથી ૫૦ કિગ્રા કરતાં વધારે વજન ધરાવતો સિન્થેટિક ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. આ કન્ટેનર ઈરાનથી વાયા દુબઈ થઈને મુન્દ્રા પહોંચ્યું હતું અને ડ્રગ્સના સેમ્પલને નાર્કોટિક્સ તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે.

રાજ્યમાં એક જ દિવસમાં ત્રણ સ્થળોએ અંગદાન થયું

અંગદાનના સત્કાર્યની મહેક સમગ્ર ગુજરાતમાં પ્રસરી : ગુજરાત સરકારે જરૂરિયાતમંદ પીડિત દર્દીઓને નવજીવન આપવા અંગદાનનો સેવાયજ્ઞ આદર્યો છે

અમદાવાદ , તા.૨૬

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં એક જ દિવસમાં થયેલ ત્રણ અંગદાન બદલ રાજ્યના તબીબોની કર્તવ્યનિષ્ઠાને બિરદાવીને અભિનંદન

પાઠવ્યા હતા. તેઓએ એમ પણ કહ્યું કે, રાજ્ય સરકારે આદરેલા અંગદાનના સેવાયજ્ઞના પરિણામે આજે રાજ્યના જરૂરિયાતમંદ પીડિત વ્યક્તિઓનું જીવન બદલાઈ રહ્યું છે. વર્ષોથી અંગોની ખોડ-ખાંપણને કારણે પીડા અનુભવતા દર્દીઓમાં અંગદાનથી મળતા અંગોનું પ્રત્યારોપણ કરીને નવજીવન આપવામાં સફળતા મળી રહી છે.

૨૫ મી મે ૨૦૨૨ ના રોજ રાજ્યમાં થયેલ ત્રણ અંગદાનની વિગતો જોઈએ તો, અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં માર્ગ અકસ્માતના કારણે સારવાર દરમિયાન બ્રેઈનડેડ થયેલ ગાંધીનગરના ૫૦ વર્ષીય જસુજી ઠાકોરના અંગદાનમાં હ્રદય, બંને કિડની અને લીવરનું દાન મળ્યું છે. જેને જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે. હ્રદયને ગ્રીનકોરિડોરની મદદથી અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં દાખલ દર્દીમાં પ્રત્યારોપણ માટે મોકલવામાં આવ્યું છે.

જુનાગઢના વંથલી તાલુકાના રવની ગામના ૬૬ વર્ષના મગનભાઈ ગજેરાને બ્રેઈનસ્ટ્રોકના કારણે ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન બ્રેઈનડેડ થતા હોસ્પિટલના તબીબોએ પરિવારજનોએ અંગદાન અંગે સમજાવતા તેઓએ મગનભાઈના અંગોનું દાન કરવા માટે તૈયારી દર્શાવી હતી. બ્રેઈનડેડ મગનભાઈના બંને કિડની અને લીવરનું દાન મળ્યું. જેને કેશોદથી એર એમ્બ્યુલન્સ મારફતે અમદાવાદ સિવિલ મેડિસીટીની કિડની ઈન્સ્ટીટ્યુટમાં પ્રત્યારોપણ માટે લાવવામાં આવ્યું.આવી જ રીતે વડોદરાની ૧૭ વર્ષની દિકરી વૃંદાને હાઈપોક્સિયા થતા તેને સારવાર અર્થે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવી હતી. સઘન સારવાર બાદ પણ તેણીને સાજી કરવામાં નિષ્ફળતા મળી અને તેણીને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવી. બ્રેઈનડેડ થતા વૃંદાના પિતા કમલેશભાઈ પટેલે દિકરીના અંગોનું દાન કરવાનો નિર્ણય કર્યો. હોસ્પિટલ તંત્ર દ્વારા બ્રેઈનડેડ વૃંદાના અંગોના રીટ્રાઈવલની પ્રક્રિયા હાથ ધરતા હ્રદય, ફેફસા, બંને કિડની, લીવર, સ્વાદુપિંડ અને બંને કોર્નિયાનું દાન મળ્યું. જેમાંથી હ્રદયને ગ્રીન કોરિડોર મારફતે મુંબઈની હોસ્પિટલ જ્યારે ફેફસાને ચેન્નઈની હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ માટે મોકલવામાં આવ્યા.

મોટેરામાં આઈપીએલની મેચોને લઈને સ્ટેડિયમના માર્ગો પર ટ્રાફિક નિયંત્રણ

આઈપીએલની મેચોને લઈને ટ્રાફિક સંદર્ભે જાહેરનામું : ટ્રાફિકની સમસ્યા ઊભી ન થાય તે માટે પોલીસ કમિશનર દ્વારા કેટલાક માર્ગોના રૂટ બંધ અને ડાયવર્ટ કરવામાં આવ્યા

અમદાવાદ, તા.૨૬

ઈન્ડિયન પ્રીમિયર લીગ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૧૫મી સિઝનમાં હવે બે મેચ રમાવાની છે. આ બંને મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. અમદાવાદમાં ૨૭મી મેએ રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે બીજી ક્વોલિફાયર રમાશે. આ મેચની વિજેતા ટીમ ૨૯ મેએ રમાનારી ફાઈનલમાં ગુજરાત ટાઈટન્સ વિરુદ્ધ ટકરાશે. ગુજરાતની ટીમ ફાઈનલમાં પહોંચી ગઈ હોવાથી મેચને લઈને લોકોમાં ભારે રોમાંચ જોવા મળી રહ્યો છે. આ બંને દિવસે મેચ જોવા માટે મોટી સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ સ્ટેડિયમ આવશે જેને લઈને તે વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા ઊભી ન થાય તે માટે શહેર પોલીસ કમિશનર દ્વારા કેટલાક માર્ગોના રૂટ બંધ કરવા અને ડાયવર્ટ કરવા અંગે જાહેરનામુ બહાર પાડ્યું છે.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે જાહેરનામુ બહાર પાડ્યું છે. જેમાં કહેવામાં આવ્યું છે કે સાબરમતીના મોટેરા ખાતે આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ખેલાડીઓ અને સેલિબ્રિટીઓ જોવા માટે મોટી સંખ્યામાં લોકો હજાર રહેશે. તેથી માર્ગ અકસ્માત ન થાય તે માટે આઈપીએલ-૨૦૨૨ની બંને મેચ દરમિયાન કેટલાક માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત-ડાયવર્ઝન કરવામાં આવે છે. આ જાહેરનામુ ૨૭ મેએ બપોરે ૩થી રાત્રે ૧૨ વાગ્યા સુધી તથા ૨૮ મેએ રાત્રે ૧૨ વાગ્યાથી રાત્રે બે વાગ્યા સુધી અમલી રહેશે.

એશિયન ગ્રેનિટોના અમદાવાદ સહિતના ઠેકાણા ઉપર દરોડા

આવકવેરા ખાતાનું મેગા સર્ચ ઓપરેશન

અમદાવાદ, તા.૨૬

આવકવેરા વિભાગ દ્વારા રાજ્યના ૪૦ જેટલા સ્થળોએ દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી છે. અમદાવાદમાં એશિયન ગ્રેનિટો નામના ભારતના ટોચના ટાઈલ્સ ઉત્પાદકના ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિ. કંપની પર આવકવેરા વિભાગના દરોડાની સાથે સાથે કંપનીના વડોદરા, હિંમતનગર ખાતેના ઘર અને ફેક્ટરી સહિતના સ્થળોએ પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ સાથે જ રાજ્યના કુલ ઉપથી ૪૦ સ્થળોએ આવકવેરા વિભાગના કર્મચારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. આવકવેરા વિભાગે પોલીસના મોટા કાફલા સાથે મળીને આ મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. આવકવેરા વિભાગના ૨૦૦ અધિકારીઓ આ તપાસમાં જોડાયા છે.

કમલેશ પટેલની માલિકીની શેર માર્કેટમાં લિસ્ટેડ એવી એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિ. દેશની સૌથી મોટી ટાઈલ્સ અને બાથવેર સોલ્યુશન ઉત્પાદક કંપનીઓ પૈકીની એક છે. કંપનીના તમામ ભાગીદારોના ત્યાં તથા મોરબી ખાતેના જોઈન્ટ વેન્ચરમાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

તે સિવાય એક રિયલ એસ્ટેટ ફર્મ ખાતે તથા રાજકારણી સાથે નિકટતા ધરાવતી એક મહિલાના ઘરે દરોડો પાડવામાં આવ્યો છે.

આ દરોડા દરમિયાન કરચોરીનો મોટો આંકડો સામે આવે તેવી શક્યતા જણાઈ રહી છે.

ડૉક્ટર્સની બદનામી બાબતે યુએન મહેતા હોસ્પિટલના આરએમઓની ધરપકડ

યુએન મહેતા હોસ્પિટલની બદનામીમાં RMOની સંડોવણી : ડો.સતીશ પટેલ નામનું ફેક આઈડી બનાવી અજાણ્યો શખ્સ હોસ્પિટલના કાર્યક્રમો અંગે બદનામી કરતી પોસ્ટ મુકતો

અમદાવાદ, તા.૨૬

સાયબર સેલમાં યુ.એન.મહેતા હોસ્પિટલ અને તેમાં કામ કરતા ડૉકટરો વિશે બદનામી કરતી ખોટી પોસ્ટ વાયરલ કરવાની ઘટનામાં હોસ્પિટલના જ આર.એમ.ઓની સંડોવણી બહાર આવી છે. સાયબર સેલે ડૉ. કૌશિક બારોટની ધરપકડ કરી કાર્યવાહી કરી છે. પોલીસ તપાસમાં ખૂલેલી વિગત મુજબ આરોપીએ ફેક આઈડી બનાવી હોસ્પિટલ અને સ્ટાફને બદનામ કરતી પોસ્ટ વાયરલ કરી હતી. સાયબર સેલમાં હોસ્પિટલમાં કામ કરતા ફરિયાદીએ ફરિયાદ કરી હતી. જે મુજબ ડૉ. સતીશ પટેલ નામનું ફેક આઈડી બનાવી અજાણ્યો વ્યક્તિ યુ.એન.મેહતા હોસ્પિટલના ડૉકટરો અને સંસ્થામાં થતા કાર્યક્રમો અંગે વાતને ટ્વીસ્ટ કરી બદનામી કરતી પોસ્ટ અજાણ્યો વ્યક્તિ કરી રહ્યો છે. આ પોસ્ટને પગલે ડૉકટરો અને હોસ્પિટલની ભારે બદનામી થઈ હતી. બનાવ અંગે સાયબર સેલની ટીમે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસે ફેસબૂક આઈડીની તપાસ કરી હતી. જુદા જુદા નંબરોની વિગત મંગાવી હતી. જે મુજબ આરોપીએ વોઈસ ચેન્જ એપ ડાઉનલોડ કરી છોકરીના અવાજનો ઉપયોગ કરી પોસ્ટ કરી હોવાનું ખુલ્યું હતું. આ માટે આરોપીએ બીજા વ્યક્તિના નામના સીમકાર્ડનો ઉપયોગ કર્યો હતો. પોલીસ તપાસ અને નિવેદનોના આધારે સ્પષ્ટ થયું કે, આ આ ગુનાઈત કૃત્યમાં યુ.એન.મહેતા હોસ્પિટલમાં ૨૦૦૪થી ફરજ બજાવતા આર.એમ.ઓ ડૉ. કૌશિક રમણલાલ બારોટ ઉં,૪૬ રહે રમેશનગર સોસાયટી, ઈન્ડિયા કોલોની બાપુનગરનો હાથ છે. જેના આધારે પોલીસે આરોપીને ઝડપી કાર્યવાહી હાથ ધરી હતી.

તૈયાર કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થઈ શકી નથી. વેરો ચુકવવાની પ્રક્રીયા ઓનલાઈન ન થવાના લીધે પણ આ ઝુંબેશ પર વિપરિત અસર પડી રહી હોવાનુ પણ પ્રબુદ્ધ નાગરિકો માની રહ્યા છે. પાણી ગટરની સુવિધા પાછળ થતા ખર્ચ સામે વેરાની મામુલી રકમ ચુકવવામાં પણ જોડાણકર્તાઓ વર્ષોના અંતે ઉદાસીનતા દાખવી રહ્યા છે.

વેડફાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગઈ છે. શહેરના ગ માર્ગ પર સંગીત સર્કલ નજીકના કોર્નર પાસે જ પાણીની લાઈનમાં લીકેજ થયુ હોવાની ફરિયાદો સ્થાનિકો કરી રહ્યા છે. જેના લીધે છેલ્લા એક સપ્તાહથી રોજ સવારે સેકટરની કમ્પાઉન્ડ વોલ આસપાસ પાણી પાણી થઈ જાય છે. જયારે આ પાણી માર્ગ તેમજ સ્થાનિક રહેણાંક વિસ્તારમાં પણ ભરાઈ જાય છે. છેલ્લા એક સપ્તાહથી આ વિસ્તારમાં પાણીનો બેફામ બગાડ થાય છે. એકબાજુ નવા સેકટરોમાં અલબત્ત ખાસ કરીને સે-૩ માં જ પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. બીજીતરફ આ સ્થિતિ વચ્ચે સેકટરમાં પાણીનો બગાડ થતા સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તયો છે. શહેરમાં પાણીનો બગાડ અટકાવવા માટે તંત્ર કક્ષાએથી કડક પગલા લેવાય તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

કામે લાગ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોય તેવા વિસ્તારોને ઓળખવામાં આવી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં જળસંચયની કામગીરી માટે તંત્ર પહેલીવાર ગંભીર બન્યુ છે અને આ માટે ખુબજ કવાયતો હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં જળસંચયની કામગીરી માટે આ વખતે નિર્ણાયક જ નહિ પણ અસરકારક કામગીરી માટે તંત્ર ગંભીર બન્યુ છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આગામી સપ્તાહે મળનારી બેઠકમાં આ અંગેનો આખો રોડમેપ તૈયાર કરવાની કવાયત થશે એટલુ જ નહિ પણ એક સર્વગ્રાહી યોજના તૈયાર કરી ગાંધીનગરના સાંસદ વ કેન્દ્રીય ગૃહમંત્રીને આપવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં મનપા, ગુડા, માર્ગ-મકાન વિભાગ સહિતની સત્તાઓ સંકળાયેલી છે ત્યારે હવે બધાને સાથે રાખી આ અભિયાનને આગળ એક જ સપ્તાહમાં લઈ જઈ અને નિર્ણાયક મોડ અપાશે.

ગાડી ફસાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સદ્નસીબે ગાડીને કોઈ નુકશાન થયુ નથી પણ શહેરમાં ભુવા પડવાની સમસ્યાઓ શરૂ થઈ ચુકી છે.

ગાંધીનગર મનપાના તંત્રએ તો કમ્મર કસી લીધી છે અને આ માટે ખાસ ટીમ બનાવવાનો નિર્ણય આવી રહેલા ચોમાસાને લઈ બનાવવામાં આવનાર છે. મનપાનું તંત્ર આ મુદ્દે સતર્ક બન્યુ છે.

શહેરમાં માટીપુરાણ યોગ્ય રીતે નહિ થતુ હોવાની ફરિયાદો પણ તંત્રને મળી રહી છે અને તંત્રએ આ વાતને ગંભીરતાથી લીધી છે.

તૈયાર કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મને લાગ્યું કે, ૩૦ વર્ષ બાદ મારે નવો રસ્તો અપનાવવો જોઈએ. આ અંગત વિચારસરણી હોય છે. આ મારો પોતાનો નિર્ણય છે. મને કોંગ્રેસથી ફરિયાદ નથી અને ભવિષ્યમાં પણ નહીં હોય. પાર્ટીના નેતાઓ મારા મિત્ર છે અને રહેશે. કોંગ્રેસની જે વિચારધારા છે તેના સાથે જોડાયેલો રહીશ. હું વિચારધારા નથી છોડી રહ્યો. જો અપક્ષ તરીકે રાજ્યસભામાં જીતી ગયો તો પ્રવેશ કરીશ. આના સંદર્ભમાં મેં વિચાર્યું કે, અખિલેશજી સાથ આપે છે તો શા માટે એમનું

સમર્થન ન લેવું જોઈએ. આ તેમની મહાનતા છે કે, તેમણે સાથ આપ્યો.'

કોંગ્રેસમાં અસંતુષ્ટોનો અવાજ નથી સાંભળવામાં આવતો વગેરે અટકળો અંગે સ્પષ્ટતા કરતા સિબલે કહ્યું કે, 'મને લાગ્યું કે, નવો રસ્તો અપનાવવો જોઈએ. કોંગ્રેસ યોગ્ય રીતે ચાલી રહી છે કે નહીં તે અંગે મારે કોઈ ટિપ્પણી નથી કરવી. કોંગ્રેસ એક નેશનલ પાર્ટી છે, મારી શુભેચ્છાઓ તેના સાથે છે. ઈતિહાસમાં જે બન્યું, ન બન્યું વગેરે અંગે ટિપ્પણી નથી કરવી.'

તેમના જેવા વરિષ્ઠ નેતાથી લઈને ૨૮ વર્ષીય હાર્દિક પટેલ પણ કોંગ્રેસ છોડી રહ્યો છે તે અંગે તેમણે કરોડો કાર્યકરો તો પાર્ટી છોડીને નથી જઈ રહ્યા તેવો ડિપ્લોમેટિક જવાબ આપ્યો હતો.

કપિલ સિબલને એવો સવાલ કરવામાં આવ્યો હતો કે, તમે પરિવારવાદી ગણાતી પાર્ટી (કોંગ્રેસ) છોડીને ગયા છો પણ સપા પણ પરિવારવાદી પાર્ટી છે. ત્યારે સિબલે જણાવ્યું કે, અખિલેશ યાદવ પોતાની કાબેલિયત દેખાડી ચુક્યા છે અને તેઓ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી રહી ચુક્યા છે. રાજ્યસભામાં નવી ભૂમિકા અંગે તેમણે કહ્યું કે, 'હું અપક્ષ તરીકે સ્વતંત્ર અવાજ ઉઠાવીશ. ઘણી વખત કોઈ પક્ષ સાથે સંકળાયેલા હોવાના કારણે તમે સ્વતંત્ર અવાજ નથી ઉઠાવી શકતાં. પક્ષ કહે તે પ્રમાણે કરવું પડે છે. મને પહેલી વખત મારી રીતે બોલવાની તક મળશે. મારા મનમાં જે આવશે તે કહીશ. મારી વરિષ્ઠતાનો ઉપયોગ કરીને સૌ લોકોને જોડવાનો પ્રયત્ન કરીશ. મારે સૌના સાથે સારા સંબંધો છે. તમામ વિપક્ષી દળોની વિચારધારા લગભગ સમાન છે તેવામાં તેમને સાંકળી શકાશે. જોકે તે કામ સરળ નહીં હોય.'

કચડી વાખે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજવંશોથી મુક્તિ, પારિવારિક પાર્ટીઓથી મુક્તિ પણ ૨૧મી સદીના ભારત માટે એક સંકલ્પ છે.

તેમણે કહ્યું કે, તેલંગાણાના લોકો જોઈ રહ્યા છે કે, જ્યારે એક પરિવારને સમર્પિત પાર્ટીઓ સત્તામાં આવે છે તો તે પરિવારના સભ્યો ભ્રષ્ટાચારનો સૌથી મોટો ચહેરો બની જાય છે. તેલંગાણાના લોકો જોઈ રહ્યા છે કે, પારિવારિક પાર્ટીઓ માત્ર પોતે જ સમૃદ્ધ થાય છે અને પોતાનો ખજાનો ભરે છે. વડાપ્રધાને આ વાત પર પણ પ્રકાશ પાડ્યો છે કે, જ્યારે રાજકીય રાજવંશોને સત્તા પરથી હટાવી દેવામાં આવે છે તો તે વિકાસના રસ્તા ખોલી દે છે. તેમણે કહ્યું કે, હવે એ તેલંગાણાના મારા ભાઈઓ અને બહેનોની જવાબદારી છે કે, આ અભિયાનને આગળ વધારે.

તેલંગાણાના મુખ્યમંત્રી કલવાકુંતલા ચંદ્રશેખર રાવના પુત્ર કેટી રામા રાવ સિરસિલાથી ધારાસભ્ય છે અને આઈટી નગર વહીવટ અને શહેરી વિકાસના કેબિનેટ મંત્રી છે. બીજી તરફ કેસીઆરની પુત્રી કવિતાએ નિઝામાબાદથી સાંસદના રૂપમાં કામ કર્યું છે અને હાલમાં ૨૦૨૦થી વિધાન પરિષદ નિઝામાબાદના સદસ્યના રૂપમાં કામ કરી રહી છે. જ્યારે કેસીઆરના ભત્રીજા હરિશ રાવ સિદ્દીપેટથી ધરાસભ્ય છે અને તેલંગાણાના નાણામંત્રી છે.

તેલંગાણાના મુખ્યમંત્રીએ છેલ્લા ૪ મહિનામાં બીજી વખત નરેન્દ્ર મોદી સાથે બેઠક કરવાનું ટાળ્યું છે. આનું કારણ એ હતું કે, તેઓ પૂર્વ પીએમ એચડી દેવગૌડા અને તેમના પુત્ર જેડીના એચડી કુમાર સ્વામીને મળવા માટે બેંગલોર ગયા હતા. ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસમાં એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે પીએમ મોદી આજે હૈદરાબાદમાં છે.

પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ભીંજવે છે..મણિલાલ હ.પટેલ લુણાવાડા અને એમના ગામ પાલ્લાને એમના નિબંધોમાં ભાવુક બની આલેખે છે..કાનજી પટેલનું ગામ ઉકરડી અને બાબુ સુથારનું ગામ ભરોડી એ પણ મહીસાગરના મોતી જેવાં છે...ડો.પ્રવિણ દરજી લુણાવાડાને જ પોતાનું વતન માની એને બેહદ ચાહે છે..'વનાંચલ 'ના લેખક જયંત પાઠકનું ગામ ગોઠ ઘોંઘંબા તાલુકામાં આવેલું રમણીય સ્થળ છે..વતનપ્રેમ એ ફકત સર્જકોનો જ નહીં સહુ કોઈનો,મનગમતો વિષય છે.